# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજનો "૩૪ મો સ્થાપના દિન" ઉજવાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ ખાતે ૨૦ મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ કેવિકેના ૩૪ મા સ્થાપના દિન તેમજ ARYA (Attracting and Retaining Youth in Agriculture) પ્રોજેક્ટના ઉદ્ઘાટન અંતર્ગત  જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે દેવાતજ ગામના સરપંચ શ્રી લાભેશભાઇ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સોજીત્રા તાલુકાના ૪૭ ખેડુત ભાઇઓ તથા બહેનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. જી. જી. પટેલે કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું ભાવભર્યુ સ્વાગત ઉદબોધન કર્યા બાદ કેવિકેની મહતા અને પ્રદાન અંગે સમજ આપી જેમાં કેવિકે દ્વારા છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન થયેલ કામગીરી તેમજ ખેડૂતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરી તથા આર્યા પ્રોજેક્ટ વિશે વિગતવાર માહિતી આપી. ડૉ. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ ઓર્ગેનીક ખેતી અપનાવવા માટે સલાહ આપી તેમજ પશુપાલનમાં મૂલ્યવૃધ્ધિદ્વારા આવક વધારવા અંગેના તેમના અનુભવો તેમજ પશુઓના બાયોવેસ્ટના ઉપયોગ દ્વારા બાયો પ્રોડક્ટસનું ઉત્પાદન કરવા માટે સુચન કર્યું હતુ ત્યારબાદ શ્રી. જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) એ આર્યા પ્રોજેક્ટ વિશે મત્સ્ય ઉત્પાદન માટે યુવાનોને તાલીમ બાબતેની વિસ્તૃતમાં ચર્ચા કરી ત્યારબાદ શ્રીમતિ એ. એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃ.વિ.) દ્વારા બહેનોને કેવિકે ખાતે આપવામાં આવતી ગૃહ વિજ્ઞાન વિષયને લગતી તાલીમો વિશે ચર્ચા કર્યા બાદ આર્થીક રીતે પગભર થવા માટે નર્સરી મેનેજમેન્ટ વ્યવસાય વિશે વિસ્તૃતમાં માહિતી આપી. વધુમાં સદર કાર્યક્રમમાં ઉપસ્થિત પશુપાલકોને નિદર્શન હેતુ ચીલેટેડ મીનરલ મીક્ષ્ચરનુ વિતરણ કરવામાં આવ્યુ

અંતે ડૉ. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમ તેમજ આર્યા પ્રોજેક્ટના લોન્ચિંગ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. કેવિકેના સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ

# કાર્યક્રમની ઝાંખીઓ




Awareness programme for
Attracting and Retaining Youth in Agriculture
(ARYA Project)
Date: 20/11/2019
Krishi Vigyan Kendra
Anand Agricultural University
Dist. Anand
"KVK Foundation Day"
"કે.વિ.કે. સ્થાપના દિવસ"
KRISHI VIGYAN KENDRA




Awareness programme for
Attracting and Retaining Youth in Agriculture
"KVK Foundation Day"
20th November, 2019